# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ ખાતે "ક્લાઇમેટ સ્માર્ટ એગ્રીકલ્ચર" અંતર્ગત એક દિવસીય પુરસ્કૃત તાલીમ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ. મુવાલીયા ફાર્મ, દાહોદ ખાતે તા. ૧૬/૦૫/૨૦૧૮ના રોજ "ક્લાઇમેટ સ્માર્ટ એગ્રીકલ્ચર" અંતર્ગત ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ, દાહોદ દ્વારા પુરસ્કૃત એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમના ઉદ્દઘાટન પ્રસંગે હિરેકકુમાર ચાપાનેર, પ્રોગ્રામ ઓફિસર, ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ, દાહોદ તથા ડૉ. એસ. કે. પટેલ ઇ/ચા વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કે.વિ.કે. આ.કૃ.યુ. દાહોદ તથા વૈજ્ઞાનિકશ્રીઓ હાજર રહેલ. કાર્યક્રમ દરમિયાન ડૉ. એસ. કે. પટેલ, વૈજ્ઞાનિક (કૃષિ ઇજનેરી)એ સ્રોત સંરક્ષણ ટેકનોલોજી અને કૃષિ યાંત્રિકિકરણ, પ્રો. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન)એ ધાન્ય અને કઠોળ પાકોમાં આબોહવાકીય સ્થિતિસ્થાપક ટેકનોલોજી, પ્રો. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ)એ વાતાવરણમાં ફેરફારની કૃષિ પર અસરો વિષે ખેડુતોને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં જળ સ્રાવ ગ્રામ સમિતી મિણાક્યાર અને સારમારીયાના કુલ ૬૦ ખેડુતભાઇઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.



ડૉ. એસ. કે. પટેલનું ઉદ્દબોધન



પ્રો. એન. ડી. મકવાણાનું ઉદ્દબોધન



પ્રો. જી. કે. ભાભોરનું ઉદ્દબોધન



ઉત્સાહભેર ભાગ લીધેલ ખેડુતભાઇઓ